# સીએમ ક્વોટામાંથી રૂમને બહાને છેતરપિંડી

## ▶ સસ્પેન્ડેડ ઈન્સ્પેક્ટરે બારડાન્સરને રૂ. ૯૦ લાખ આપ્યા

## ▶ અન્ય ત્રણને પણ રૂ. ૩.૫૦ કરોડનો ચૂનો ચોપડ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન ક્વૉટામાંથી વિધવા-દિવ્યાંગ મહિલાઓને માટેની રૂમો મેળવી આપવાને બહાને વેપારી સહિત અન્યો સાથે રૂ. ૧.૬૩ કરોડની છેતરપિંડી આચરવાના કેસમાં પકડાયેલા સસ્પેન્ડેડ પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે રૂ. ૯૦ લાખ બારડાન્સરને આપ્યા હોવાની કબૂલાત પૂછપરછમાં કરી હતી. તેણે અન્ય ત્રણ વ્યક્તિને પણ રૂ. ૩.૫૦ કરોડનો ચૂનો ચોપડ્યો હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે આ કેસમાં સસ્પેન્ડેડ પીએસઆઇ દિલીપ દત્તાત્રય ભોસલે સહિત ગણેશ સુંદર પૂજારી, સુનિતા મોહન તુપસૌંદર્ય અને યોગેશ કનુભાઇ દરજીની ધરપકડ કરી હતી. આરોપીઓની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેમને બુધવારે કોર્ટમાં હાજર કરાતાં તેમની પોલીસ કસ્ટડી ૧૮મી સપ્ટેમ્બર સુધી લંબાવાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સસ્પેન્ડેડ પીએસઆઇ દિલીપ ભોસલેએ પૂછપરછમાં જણાવ્યું હતું કે તેને રૂ. ૧.૫૮ કરોડ મળ્યા હતા, જેમાંથી તેણે ૯૦ લાખ રૂપિયા રોઝિના નામની બારડાન્સરને આપ્યા હતા. જોકે આ બારડાન્સર ક્યાં રહે છે તે ભોસલેને ખબર ન હોવાથી બારડાન્સરને શોધવી પોલીસ માટે મુશ્કેલ છે. ભોસલેની પૂછપરછમાં એવું પણ જાણવા મળ્યું હતું કે ગુનામાં વપરાયેલા સરકારી રબરસ્ટેમ્પ તેણે બનાવડાવ્યા હતા. ઉપરાંત ગુનામાં વપરાયેલું વાહન તેણે એજન્ટને વેચ્યું હોવાનું પણ જાણવા મળ્યું હતું.

દરમિયાન આ કેસમાં ધરપકડ કરાયેલી સુનિતા તુપસૌંદર્યએ ફરિયાદી વેપારી અને સાક્ષીદાર પાસેથી રૂ. ૨૬ લાખ લીધા હતા, જેમાંથી રૂ. ૧૨ લાખ તેણે પોતાના ભાઇને આપ્યા હતા. સુનિતાનો ભાઇ મુંબઈ છોડીને અન્ય સ્થળે જતો રહ્યો હોવાનું સગાંવહાલાંની પૂછપરછમાં જાણવા મળ્યું હતું. બીજી તરફ સુનિતાના બેન્ક એકાઉન્ટની તપાસ કરવામાં આવતાં તેમાં મોટી રકમની લેવડદેવડ થઇ હતી, એવું જાણવા મળ્યું હતું. દરમિયાન આ કેસના એક સાક્ષીદાર પાસેથી લેવાયેલો રૂ. ૮.૫૦ લાખનો ડિમાન્ડ ડ્રાફ્ટ આરોપી ગણેશ પૂજારીએ કોલકાતા ખાતેની બેન્કમાં વટાવ્યો હતો અને દોષી અટક ધરાવતી વ્યક્તિએ તેને આ કામ માટે મદદ પણ કરી હતી, એવું ક્રાઇમ બ્રાન્ચની પૂછપરછમાં બહાર આવ્યું હોવાનું સૂત્રોએ કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ચેમ્બુરમાં રહેતા વેપારીની મુલાકાત સુનિતા સાથે સાયન વિસ્તારમાં થઇ હતી. સુનિતાએ વેપારી અને તેના મિત્રને કહ્યું હતું કે તે પોતાના પરિચિત લોકોને મુખ્ય પ્રધાન ક્વૉટામાંથી વિધવા-દિવ્યાંગ મહિલાઓને ફાળવાયેલી રૂમ મેળવી આપી શકે છે અને આ કામ એન્ટિ ટેરરિઝમ સ્કવોડમાં ફરજ બજાવનારો અધિકારી દિલીપ ભોસલે મંત્રાલયમાંથી કરી આપી શકે છે. દરમિયાન વેપારી સહિત ૧૧ જણને મંત્રાલય, પાલિકાના બનાવટી એલોટમેન્ટ લેટર તેમ જ અન્ય દસ્તાવેજો આપીને રૂ. ૮૩ લાખ લેવાયા હતા. એ ઉપરાંત રૂ. એક લાખનો ચેક તથા રૂ. ૮૦ લાખના ડિમાન્ડ ડ્રાફ્ટ પણ લેવાયા હતા. ■

### પાલિકાના નિવૃત્ત કર્મચારીની પણ ધરપકડ

*મુંબઈ:* સીએમ ક્વોટામાંથી રૂમ મેળવી આપવાને બહાને છેતરપિંડી આચરવાના કેસમાં ક્રાઇમ બ્રાન્ચે મહાનગરપાલિકાના નિવૃત્ત કર્મચારી ભાલચંદ્ર ગોપીનાથ ચવ્હાણ (૬૦)ની પણ મંગળવારે ધરપકડ કરી હતી. મીરા રોડમાં રહેતો ભાલચંદ્ર પાલિકાના સુરક્ષા વિભાગમાં કામ કરતો હતો અને તે બાદમાં નિવૃત્ત થયો હતો. તેની વિરુદ્ધ વિલે પાર્લે, અંધેરી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુના દાખલ છે. તેણે અન્ય આરોપીઓ સાથે મળીને ફરિયાદી અને સાક્ષીદારોને રૂમ દેખાડી હતી. તેણે આરોપીઓને પાલિકાના લેટરહેટ, રિસિપ્ટ તથા અન્ય દસ્તાવેજો પૂરા પાડ્યા હોવાનું પણ પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું. ■



**કમ આઉટ એન્ડ પ્લે:** યુવાનોમાં અને વિદ્યાર્થીઓમાં મેદાનમાં રમવાની પ્રવૃત્તિઓ બહુ ઓછી થતી જાય છે. ઈન્ટરનેટના વળગણ અને રમવાની સુવિધાઓના અભાવ બહુ મહત્ત્વની આઉટડૉર એક્ટિવિટી બંધ થાય છે ત્યારે રાજ્ય સરકારે મહારાષ્ટ્ર મીશન વન મિલિયન કાર્યક્રમ અંતર્ગત ૧૫ સપ્ટેમ્બરે રાજ્યભરના દસ લાખ વિદ્યાર્થીઓ ફૂટબૉલ રમશે. મુંબઈ ખાતે ગ્રાઉન્ડની ચકાસણી કરવા આવેલા શિક્ષણ પ્રધાને પોતે પણ થોડી મજા માણી હતી. (નિકોલસ ચાર્ડે)

## જીએસટી: રદ કૉન્ટ્રેક્ટ માટે સરકારનું સુધારિત પરિપત્રક

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* ગુડ્સ સર્વિસ ટૅક્સ (જીએસટી) અમલમાં આવ્યા બાદ આપવામાં આવેલા કામના કૉન્ટ્રેક્ટ રદ કરવાનો પરિપત્ર રાજ્ય સરકારે બહાર પાડ્યો હતો અને તેની દખલ લઈને મુંબઈ મહાનગરપાલિકાએ એક જુલાઈ બાદ વિકાસના કામના આપેલા કૉન્ટ્રેક્ટ રદ કરવાનો નિર્ણય લીધો હતો. તે કારણે લોકોને સુવિધા આપવામાં અડચણ આવી રહી છે એવી ફરિયાદ આવ્યા બાદ રાજ્ય સરકારે ૧૧ સપ્ટેમ્બર સુધી સુધારિત સર્ક્યુલર બહાર પાડીને કૉન્ટ્રેક્ટ રદ કરવાનો નિર્ણય પાછો લીધો છે, અટકી પડેલા વિકાસના કામ ફરી શરૂ થશે.

## સૂર્યા પાણીપુરવઠા યોજનાનો બહિષ્કાર કરવા સોમવારે પાલઘર બંધનું એલાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાયંદર: પાલઘર જિલ્લાના સૂર્યા પ્રોજેક્ટમાંથી આશરે ૮૦ ટકા પાણી વસઈ-વિરાર અને મીરા-ભાયંદરને ભવિષ્યમાં પુરવઠો પૂરો પાડવામાં આવનાર હોવાથી પાલઘર, દહાણુ, વિક્રમગઢ તાલુકામાં ખેતી અને નળ પાણી પુરવઠા યોજનામાં સંકટ ઊભું થનાર છે. પાલઘરવાસીઓ માટે સૂર્યાનું પાણી સ્ટોકમાં રહેનાર ન હોવાથી તેના વિરોધમાં સૂર્યા પાણી બચાવ સમિતિએ આગામી સોમવારે પાલઘર બંધની હાકલ કરી છે. સૂર્યા પ્રકલ્પ અંતર્ગત ધામણી અને કવડાસ તેમ બે ડેમ ખેતીના સિંચન માટે બાંધવામાં આવ્યાં હતાં, તેમાંથી પાલઘર માટે ૮ હજાર ૫૩૫ હેકટર, દહાણુ માટે ૬ હજાર ૧૪૧ હેકટર અને વિક્રમગઢ માટે ૩૦ હેકટર મળી કુલ ૧૪ હજાર ૬૧૬ હેક્ટર જમીન સિંચન હેઠળ લઈ આવવા પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો, પરંતુ વનવિભાગની પરવાનગીના વિવાદે કામ અપૂર્ણ થતા ૨ બજાર ૨૦૬ હેક્ટર જમીન સિંચાઈમાંથી બાદ કરવામાં આવી હતી. ૧૯૮૯-૯૦માં વસઈ-વિરારને આ પ્રોજેક્ટમાંથી પાણી પુરવઠો આપવામાં આવ્યો હતો. તેમ જ સિંચાઈ માટે આરક્ષિત રાખેલ પાણી પુવરઠામાંથી આવનાર મીરા-ભાયંદર અને એમએમઆરડીએ માટે આરક્ષિત કર્યું છે તે ભવિષ્યમાં વસઈ-વિરાર અને મીરા-ભાયંદરને આપવામાં આવનાર હોવાથી તેની અસર દહાણુ, પાલઘર અને વિક્રમગઢ તાલુકાની ખેતી અને સ્થાનિક નળ પુરવઠાની યોજના પર થનાર હોવાનો આક્ષેપ સૂર્યા બચાવ સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે. તેનો વિરોધ કરવા સોમવારે બંધનું એલાન કરી વિરોધ દર્શાવવામાં આવશે. ■

## ૨૪ કલાકમાં રેલવે અકસ્માતમાં ૧૫નાં મૃત્યુ: ૧૭ને ઈજાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મંગળવારે રેલવેમાં થયેલા વિવિધ અકસ્માતમાં ૧૫ જણનું મૃત્યુ થયું હતું, જ્યારે ૧૭ લોકોને ઈજા પહોંચી હોવાનું રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતીમાં જાણવા મળ્યું હતું. એક જ દિવસમાં રેલવેમાં વિવિધ ઠેકાણે થયેલાં અકસ્માતમાં આઠ પુરુષ અને સાત મહિલા સહિત કુલ ૧૫ જણનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે કુલ ૧૭ ઈજાગ્રસ્ત પ્રવાસીમાંથી ૧૩ પુરુષ અને ૪ મહિલા પ્રવાસી હોવાનું સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

મધ્ય રેલવેના કુર્લા ખાતે બે, થાણે ખાતે એક, વડાલા ખાતે એક, પનવેલ ખાતે બે, પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ખાતે ચાર, બાંદ્રા ખાતે એક, અંધેરી ખાતે એક, બોરીવલી ખાતે બે, પાલઘર ખાતે એકનું મૃત્યુ થયું હતું.

છેલ્લા બાર દિવસમાં રેલવે ઍક્સિડન્ટમાં મૃત્યુ પામનારાઓનો આંકડો ૧૦૧ સુધી પહોંચી ગયો છે, જ્યારે ઈજાગ્રસ્તોનો આંક ૧૫૦ જેટલો હોવાનો આંકડા પરથી સ્પષ્ટ થાય છે. બાર દિવસમાં સૌથી વધુ મૃત્યુનો આંક મંગળવારે જોવા મળ્યો હતો, જ્યારે ઈજાગ્રસ્ત પ્રવાસીઓનો સૌથી વધુ આંકડો ચોથી સપ્ટેમ્બરના જોવા મળ્યો હતો. મંગળવારે ૧૫ પ્રવાસીનામ મૃત્યુ થયાં હતાં. ■

| તારીખ | મૃત્યુ પામનાર | ઈજાગ્રસ્ત |
|---|---|---|
| ૧લી સપ્ટેમ્બર | ૮ | ૧૩ |
| બીજી સપ્ટેમ્બર | ૯ | ૧૩ |
| ૩જી સપ્ટેમ્બર | ૯ | ૧૪ |
| ૪થી સપ્ટેમ્બર | ૮ | ૨૦ |
| પાંચમી સપ્ટેમ્બર | ૫ | ૯ |
| ૬ઠી સપ્ટેમ્બર | ૮ | ૧૭ |
| ૭મી સપ્ટેમ્બર | ૯ | ૯ |
| ૮મી સપ્ટેમ્બર | ૮ | ૧૬ |
| ૯મી સપ્ટેમ્બર | ૧૦ | ૧૧ |
| ૧૦મી સપ્ટેમ્બર | ૫ | ૫ |
| ૧૧મી સપ્ટેમ્બર | ૭ | ૧૪ |
| ૧૨મી સપ્ટેમ્બર | ૧૫ | ૧૭ |

## મધ્ય રેલવેમાં ખુદાબક્ષો પર તવાઈ

### ▶ ૧૪ લાખ સામેની કાર્યવાહીમાં ₹ ૭૨ કરોડનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* અવારનવાર રેલવે દ્વારા ખુદાબક્ષ પ્રવાસીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને તેમની પાસેથી મસમોટી દંડની રકમ પણ વસૂલવામાં આવે છે. હાલમાં જ ઑગસ્ટ મહિનામાં મધ્ય રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં લાખો પ્રવાસી સામે કાર્યવાહી કરીને પ્રવાસી પાસેથી કરોડો રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

ઑગસ્ટ મહિનામાં રેલવે દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં કુલ ૨.૦૮ લાખ કેસ નોંધવામાં આવ્યા હતા અને તેમની પાસેથી રૂ. ૮.૯૯ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ગયા વર્ષની સરખામણીએ ખુદાબક્ષોને ફટકારેલી દંડની રકમમાં ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ૨૬.૧૮ ટકાનો, જ્યારે નોંધાયેલા કેસમાં ૧૬.૯૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

ગયા વર્ષે ઑગસ્ટ મહિનામાં ૧.૭૮ લાખ કેસ નોંધાયા હતા અને પ્રવાસી પાસેથી રૂ. ૭.૧૨ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો, એવું રેલવેના વરિષ્ઠ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું. એપ્રિલ, ૨૦૧૭થી ઑગસ્ટ, ૨૦૧૭ સુધીમાં કુલ ૧૪.૦૭ લાખ પ્રવાસીઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન આ પ્રમાણ ૧૧.૪૦ ટકા જેટલું હતું. ૨૦૧૬ની સરખામણીએ ૨૦૧૭માં ખુદાબક્ષની સંખ્યામાં ૨૩.૪૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો અને તેમની પાસેથી વસૂલવામાં આવેલા દંડની રકમમાં ૨૯.૧૧ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો. ૨૦૧૬માં રેલવેમાં ગેરકાયદે પ્રવાસ કરનારા પ્રવાસી પાસેથી ૫૫.૮૮ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો, જ્યારે ૨૦૧૭માં આ રકમ વધીને રૂ. ૭૨.૧૪ કરોડ જેટલી થઈ ગઈ હતી. ■

## વડા પ્રધાનના કૌશલ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમને બહાને છેતરપિંડી

*થાણે:* વડા પ્રધાનના કૌશલ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમ આપવાને બહાને ઉમેદવારો પાસેથી રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. એક ઉમેદવારે મંગળવારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે આ સંદર્ભે 'કલ્યાણ વિકાસ મંચ' દ્વારા સોશિયલ મીડિયા ગ્રુપ પર જાહેરાત કરાઈ હતી, જેમાં 'વડા પ્રધાનના કૌશલ્ય વિકાસ કાર્યક્રમ' હેઠળ તાલીમ આપવા અંગે જણાવાયું હતું, એવું એક વરિષ્ઠ પોલીસ અધિકારીનું કહેવું છે. ઇચ્છુક ઉમેદવારે અવિનાશ કલંબકર અને હેમાંગી ચૌધરીનો સંપર્ક સાધવાનું જાહેરાતમાં નોંધવામાં આવ્યું હતું. વળી, તેમાં વિવિધ ક્ષેત્રની તાલીમ આપવામાં આવશે, એવું પણ જણાવાયું હતું. ફરિયાદમાં જણાવાયા મુજબ ઉમેદવારે પહેલાં ૩૫ હજાર અને બાદમાં ૧૨,૫૦૦ રૂપિયા ચૂકવ્યા હતા, પરંતુ તેને તાલીમ માટે બોલાવાયો નહોતો. આ બાબતે ફરિયાદીએ પૂછપરછ કરતાં તેને ઉડાઉ જવાબ આપવામાં આવ્યા હતા.

ફરિયાદીએ એવો પણ દાવો કર્યો હતો કે બન્ને આરોપીએ આ જ પદ્ધતિથી અન્ય બે જણને પણ છેતર્યા હતા. ઉમેદવાર અને અન્ય બે જણ પાસેથી ૧.૧૬ લાખ રૂપિયા લીધા બાદ પણ તેમને તાલીમની તક મળી નહોતી. આ પ્રકરણે કોલસેવાડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## દક્ષિણ મુંબઈમાં ભારે વાહનોના પ્રવેશમાં રહેશે ૧૧ કલાકનો પ્રતિબંધ

### ▶ સવારે ૭થી રાતના ૧૨ સુધી ભારે વાહનો પર દક્ષિણ મુંબઈમાં પ્રતિબંધ

*મુંબઇ :* સવારે સાતથી રાતના બાર સુધી ભારે વાહનો અને ખાનગી બસને દક્ષિણ મુંબઇમાં દોડાવવા પર ટ્રાફિક પોલીસે પ્રતિબંધ મૂક્યો છે. એવી જ રીતે ગ્રેટર મુંબઇમાં બે મહિના માટે લગભગ નવ કલાક ભારે વાહનો અને ખાનગી બસો દોડાવી નહીં શકાય એવો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે.

મેટ્રો પ્રોજેક્ટના બાંધકામને કારણે અહીં ખૂબ ટ્રાફિક થાય છે. રાત-દિવસ ટ્રાફિકના લીધે થતા ઘોંઘાટના કારણે પ્રાયોગિક ધોરણે બે મહિના માટે તમામ ભારે વાહનો અને ખાનગી બસ પર નવ કલાકનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, એમ ડીસીપી સૌરભ ત્રિપાઠીએ જણાવ્યું હતું.

દક્ષિણ મુંબઇ તરફ આવતાં વાહનોને સવારે ૧૧થી સાંજના પાંચ સુધી નીચેના ખાસ સ્થળ સુધી દોડાવવાની પરવાનગી આપવામાં આવશે. આ સ્થળોમાં પી ડી'મેલો રોડ પર મેલેટ બંદર જંક્શન સુધી, બી એ રોડ પર કે શાંતારામ પુજારે ચોક સુધી, એન એમ જોષી રોડ પર આર્થર રોડ નાકા સુધી, એની બેસંત રોડ પર સેન્ચુરી મિલ સુધી, સેનાપતિ બાપટ માર્ગ પર એલફિસ્ટન જંક્શન સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સેનાપતિ બાપટ માર્ગ પર ફ્લાયઓવરનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં નહીં આવે. બેરિસ્ટર નાથ પાઇ રોડ, રે રોડ અને પી ડી'મેલો રોડ તરફથી દક્ષિણ મુંબઇ તરફ આવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઉપરાંત ઇસ્ટર્ન એક્સપ્રેસ ફ્રીવે પર ભારે વાહનો પર ૨૪ કલાકનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગ્રેટર મુંબઇમાં ભારે વાહનો અને ખાનગી બસો પર સવારે સાતથી અગિયાર અને સાંજના પાંચથી દસ સુધી એમ નવ કલાકનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

એસટી બસો, બેસ્ટની બસો, સ્કૂલ બસ, મુંબઇ દર્શનની બસ, ખાનગી કંપનીઓના કર્મચારી માટે ફાળવવામાં આવતી બસો, દૂધ, શાકભાજી, બેકરી પ્રોડક્ટ્સ, પાણીની બોટલો, બ્રેડ, પેટ્રોલ, ડીઝલ, કેરોસીન લઇ જતાં વાહનો, પોલીસનાં વાહનો, અગ્નિશમન દળનાં વાહનો, ઍમ્બ્યુલન્સ અને સરકારી વાહનોને આ પ્રતિબંધમાંથી બાકાત રાખવામાં આવ્યાં છે. બાકાત રાખવામાં આવેલા તમામ વાહનોને પે ઍન્ડ પાર્કની જગ્યાએ જ ઊભાં રાખી શકાશે. ગ્રેટર મુંબઇમાં સ્ટ્રીટ પાર્કિંગ માટે સખત મનાઇ ફરમાવવામાં આવી હોવાનું ત્રિપાઠીએ કહ્યું હતું. ■

## રાજ્યને મળ્યા બે એટીએસ યુનિટ

*મુંબઇ:* રાજ્ય સરકારના ગૃહ વિભાગે બે અલગ અલગ એન્ટિ ટેરરિઝમ સ્કવૉડ (એટીએસ) યુનિટ રચવા માટે મંજૂરી આપી દીધી છે. એક યુનિટ દક્ષિણ મહારાષ્ટ્રના સોલાપુર ખાતે રહેશે અને એક યુનિટ નવી મુંબઇ ખાતે રહેશે. બંને યુનિટમાં અધિકારીઓ સહિત ૨૦ માણસો હશે અને ઉપરી તરીકે એક ડૅપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસની કક્ષાના અધિકારી હશે.

મુખ્ય પ્રધાનની ઑફિસના આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ સોલાપુરનું યુનિટ દક્ષિણ મહારાષ્ટ્ર, મહારાષ્ટ્ર-કર્ણાટક સીમા અને લાતુર, બીડ, ઉસ્માનાબાદ અને મરાઠવાડા જેવા વિસ્તારોનું ધ્યાન રાખશે અને પુણે તેમ જ ઔરંગાબાદ એટીએસ યુનિટના કામમાં રાહત આપશે. નવી મુંબઇનું એટીએસ યુનિટ થાણેના સ્પેશ્યલાઇઝ્ડ સ્કવૉડનું કામકાજનું ભારણ ઓછું કરશે અને નવી મુંબઇ તથા રાયગઢ જિલ્લામાં આતંકવાદી પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવાનું કામ કરશે. થાણે યુનિટને કલ્યાણ, ભિવંડી, મુંબ્રા અને પાલઘર વિસ્તારમાં આતંકવાદી જૂથોની પ્રવૃત્તિ પર અંકુશ રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે.

'મને આ અંગે સત્તાવાર રીતે કોઇ માહિતી મળી નથી. પણ અમારી કાફલામાં જેટલા પણ વધુ લોકોનો સમાવેશ થશે, એનાથી અમારી શક્તિ વધશે અને આતંકવાદ સામેની અમારી લડાઇને વધારે બળ મળશે, એમ મહારાષ્ટ્ર એટીએસના વડા અતુલ કુલકર્ણીએ જણાવ્યું હતું. મરાઠવાડા વિસ્તારનો સ્થાનિક શખસ ઝાબીઉદ્દીન અન્સારી ઉર્ફે અબુ જુંદાલ મુંબઇના ૨૬/૧૧ના આતંકવાદી હુમલા વખતે કરાચી કંટ્રોલ રૂમમાં હાજર હતો અને કમાન્ડ આપતો હતો એ વાત ઇન્ડિયન ઇન્ટેલિજન્સ અને સુરક્ષા અધિકારીઓએ પુરવાર કર્યા બાદ મરાઠવાડામાં આતંકવાદી ગતિવિધિઓ પર નજર રાખવી ઘણી જરૂરી છે. જુંદાલ ૨૦૦૬ના ઔરંગાબાદ શસ્ત્રોના કેસમાં પણ આરોપી છે. ૨૦૧૪માં તેની સાઉદી અરેબિયામાં ધરપકડ થઇ હતી અને તેને ભારત પરત મોકલી આપવામાં આવ્યો હતો. ગયા વર્ષે એટીએસે બીડ જિલ્લામાંથી સ્ફોટક પદાર્થો અને બૉમ્બ બનાવવાના સામાન ધરાવતા શાહિદની ધરપકડ કરી હતી. સઘન તપાસને અંતે જાણવા મળ્યું હતું કે ખાન તેના વિસ્તારના યુવાનોના સંપર્કમાં હતો અને જેહાદી વિચારધારા ફેલાવવાનું કામ કરતો હતો. ■

## ગૂડી પડવાથી રાજ્યમાં પ્લાસ્ટિક થેલી પર પ્રતિબંધ

*મુંબઇ:* રાજ્યમાં પ્લાસ્ટિક થેલી પરનો પ્રતિબંધ નિષ્ફળ ગયો એના બાર વર્ષ બાદ રાજ્યના પર્યાવરણ વિભાગે આવતા વર્ષના ગૂડી પડવાથી પ્લાસ્ટિક થેલી પર પ્રતિબંધ મૂકવાનું નક્કી કર્યું છે. રાજ્યના સરકારી અધિકારીઓ સાથેની મીટિંગમાં પર્યાવરણ પ્રધાન રામદાસ કદમે આ જાહેરાત કરી હતી.

પર્યાવરણ ખાતાના એડિશનલ ચીફ સેક્રેટરી સતીશ ગવઇ અને મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બૉર્ડના વડા પી. અનબાલાગન પણ આ પ્રસંગે હાજર હતા.

કદમે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં જ પ્લાસ્ટિકનો વિકલ્પ શોધવામાં આવશે. મહિલાઓના સ્વસહાય જૂથ દ્વારા પ્લાસ્ટિક થેલીના વિકલ્પરૂપે કાપડની થેલી સીવીને આપી શકાશે કે કેમ એવી શક્યતા પણ તેમણે તેમના વિભાગને તપાસી જોવા કહ્યું હતું. પ્લાસ્ટિક થેલી પરના પ્રતિબંધનો તબક્કાવાર અમલ કરવામાં આવશે. બ્યુરોક્રેટ્સોએ કદમને જણાવ્યું હતું કે યોગ્ય વિકલ્પ શોધ્યા બાદ જ પ્લાસ્ટિક થેલી પર પ્રતિબંધ મૂકવામાં આવે અન્યથા લોકો પાછા પ્લાસ્ટિક થેલીના વપરાશ તરફ વળશે. ૨૦૦૫માં પણ મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખની કૉંગ્રેસ સરકાર દ્વારા પ્લાસ્ટિક થેલી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીએ કૉંગ્રેસ હાઇ કમાન્ડનો સંપર્ક કર્યા બાદ રાજ્ય સરકારે ૫૦થી ઓછા માઇક્રોનની પ્લાસ્ટિક થેલી પર જ પ્રતિબંધ લાગુ કર્યો હતો.

ઑગસ્ટમાં મુંબઇને ધમરોળતા વરસાદ બાદ શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ રાજ્ય સરકારને પ્લાસ્ટિક થેલી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની અપીલ કરી હતી અને આ અંગે પાલિકા કમિશનર અજોય મહેતા અને મેયર વિશ્વનાથ મહાડેશ્વર સાથે પણ વાત કરી હતી અને ત્યાર બાદ શિવસેનાના પર્યાવરણ પ્રધાન કદમને પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવા જણાવ્યું હતું. ■

## હાર્બરમાં કોટન ગ્રીન-રે રોડ વચ્ચે લોકલ ખોટકાઈ

### ▶ ધસારાના સમયે ટ્રેનસેવા ખોરવાઈ, મધ્ય રેલવેમાં પણ ધાંધિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* હાર્બર લાઈન પર કોટન ગ્રીન અને રે રોડ વચ્ચે લોકલ ટ્રેનમાં ટેક્નિકલ ફેઈલ્યૉર થવાને કારણે ટ્રેનવ્યવહાર ખોરવાયો હતો. ટ્રેનવ્યવહાર ખોટકાઈ જવાને કારણે ઑફિસ જઈ રહેલાં નોકરિયાત વર્ગને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો, એવું રેલવેનાં સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

હાર્બર લાઈન પર સવારે ૯.૨૦ કલાકે કોટનગ્રીન અને રે રોડ વચ્ચે અપ લાઈન પર ટેક્નિકલ ફેઈલ્યૉર થયું હતું. આશરે અડધો કલાક એટલે કે ૯.૫૦ કલાક સુધી ચાલેલી આ સમસ્યાને કારણે હાર્બરમાં અપ-ડાઉન લાઈનની લોકલ ટ્રેનો પર અસર જોવા મળી હતી.

ટેક્નિકલ ફેઈલ્યૉર થયાના ૨૫ મિનિટની અંદર જ સમસ્યા સૉલ્વ થઈ ગઈ હતી અને આને કારણે ચાર ટ્રેનો મોડી પડી હતી અને એ બંચિંગને ક્લિયર કર્યા બાદ તાત્કાલિક મધ્ય રેલવે દ્વારા ટ્રેનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હોવાની માહિતી મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુનીલ ઉદાસીએ આપી હતી. આ યુનિટ ફેઈલ્યોર પણ ધસારાનો સમયમાં ૮૦ ટકા ભીડ નીકળી ગયા બાદ થયો હોવાથી ટ્રેન વ્યવહાર પર ખાસ અસર ન થઈ હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું. દરમિયાન મધ્ય રેલવેની મેઈન લાઈન પર પણ ટ્રેનવ્યવહાર આશરે અપ ફાસ્ટ લાઈન પર ૪૦-૪૫ મિનિટ મોડો પડ્યો હતો. જોકે ટ્રેનવ્યવહાર કયા કારણસર મોડો પડ્યો તેની કોઈ જ માહિતી રેલવે અધિકારીઓ પાસે હાજર નહોતી અને તેમણે તો મેઈન લાઈન પર ટ્રેનવ્યવહાર મોડો પડ્યો હોવાનું માનવાનો ઈનકાર કરી દીધો હતો.

રોજ થાણે-સીએસએમટી વચ્ચે પ્રવાસ કરનાર રમેશ પટેલે આ અંગે જણાવ્યું હતું કે મેં સવારે થાણેથી ૧૦.૪૯ ટ્રેન પકડી હતી. જોકે આ ટ્રેન થાણે સ્ટેશન પર જ અગિયાર વાગ્યાની આસપાસ આવી હતી અને ત્યાર બાદ તે સીએસએમટી માટે રવાના કરવામાં આવી હતી. દાદર સ્ટેશન પર પણ છેલ્લી ઘડીએ ટ્રેન પ્લેટફોર્મ નંબર છ પર આવવાને બદલે પ્લેટફોર્મ નંબર પાંચ પર આવી હતી, જેને કારણે ટ્રેનની અંદરના પ્રવાસીઓને પ્લેટફોર્મ પરના પ્રવાસીઓને દોડા-દોડી કરવી પડી હતી. ટ્રેન આમ તો સાડા અગિયાર વાગ્યાની આસપાસ સીએસએમટી પહોંચવી જોઈએ જેના બદલે ટ્રેન સવાબાર વાગ્યે સીએસએમટી પહોંચી હતી, જેને કારણે પ્રવાસીઓ અટવાઈ પડ્યા હતા, એવું તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

### દાદરથી ભાયખલા પહોંચવા લાગી ત્રીસ મિનિટ

ફાસ્ટ લોકલ આમ તો દાદરથી ભાયખલા પહોંચવા માટે છથી સાત મિનિટનો સમય લે છે, પરંતુ બુધવારે દાદરથી ભાયખલા પહોંચવા માટે ટ્રેનને અડધો કલાક જેટલો સમય લાગ્યો હતો. ટ્રેન કરી રોડ-ચિંચપોકલી વચ્ચે વીસેક મિનિટ અટવાઈ પડી હતી અને પરિણામે ટ્રેનમાંથી ઊતરીને પ્રવાસીઓ ટ્રેક પર ઊતરી આવ્યા હતા. ■